# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

મલાઇ-મેવા-કમીશન મળે, વેપારીની કૂખ છે,
સમજે ન વિજ્ઞાનની કિંમત એ જ મોટું દુઃખ છે,
ભૂખ છે ખાયકીની, રાષ્ટ્ર-પ્રગતિથી લેવા ન દેવા -
"ભારત રત્ન" જ કહે છે, રાજકારણીઓ મૂર્ખ છે..

## હાઇકુ

અભ્યંગ સ્નાને
શું ન્હાય, શું નિચોવે -
માન ન હાનિ..
(પ્રચારની ઉતરતી કક્ષા)

મ્હોરું પ્હેરીને -
'લોકપ્રિયતા'નું એ
ડરાવે સૌને..
(ધાફની ધાક)

## ચિંતન

**કરે શ્લાઘ્યસ્ત્યાગઃ શિરસે ગુરુપાદપ્રણયિતા । મુખે સત્યા વાણી વિજયી ભુજયોર્વીર્યમતુલમ્ ।**
**હૃદિ સ્વચ્છા વૃત્તિઃ શ્રુતમધિગતં ચ શ્રવણ-યોર્વિનાપ્યૈશ્વર્યેણ પ્રકૃતિ મહતાં મંડન મિદમ્ ॥**

ભતૃહરિ નીતિશતકનો આ શ્લોક છે :

'પુણ્ય-દાન સત્કાર્યો કરવા માટે હાથ દ્વારા સદાય પ્રશંસનીય ત્યાગ થયા કરે, મસ્તક સદાય ગુરૂ અને પૂજ્ય-સન્માનીયના ચરણોમાં નમન કરે, મુખમાં સત્ય-વિવેકની વાણી મહેંકયા કરે, ભુજાઓમાં ન્યાય-નીતિ સાથે અન્યાય સામે લડવાની અને વિજયી પરાક્રમની શક્તિ હોય, હૃદયમાં નિર્મળ અને નિખાલસ-ભાવના હોય અને કાન દ્વારા સદાય શાસ્ત્ર જ્ઞાન અને સત્સંગ પ્રાપ્ત થયા કરે, અને આ બધામાં સમૃદ્ધિની કયાંક જરૂર નથી પડતી છતાંય મહાન-સજ્જન પુરૂષોનો આ સ્વભાવ એની મહાનતાનું આભૂષણ બની રહે છે.'

આપણે-આપણાં બાળકો-સૌ-સદાય નિષ્ફળતા અને નાસીપાસ થવાનો દોષ અન્ય પર જ ઢોળીયે છીએ, પૈસા નથી, લાગવગ નથી, પરિચય નથી અન્યાય થયો છે. સાધન-સંપત્તિનો અભાવ, સમય પૂરતો ન હતો જેમાં અનેક બહાના બતાવી આપણે નિષ્ક્રીય રહીએ છીએ. એવી જ રીતે જીવન સાફલ્યના એવાં અનેક કામ છે. જેમાં એક 'ફદીયાં'ની પણ જરૂર પડતી નથી છતાં 'મહાન' - જીવનના આભૂષણ જેવાં કાર્ય થતાં હોય છે.

સેવા-સત્કાર્ય, વડીલો પ્રત્યે સદ્ભાવ-આદર ભાવ વિનય વિવેકપૂર્ણ વાણી, ન્યાય નીતિનો ધંધો અને પરિશ્રમની કમાણી, સત્સંગ-શ્રદ્ધા-ભક્તિ-વિશ્વાસ-આમાં કયાંય પૈસાની જરૂર નથી પડતી.

## સુવિચાર

- જેટલા પાવન છે પશ્ચાતાપના આંસુઓ, એટલું પાવન કદી ગંગાતણું જળ હોય ના - **ભાણદેવ**
- સમયની એ જ સરી જતી એક પળને તક કહે છે સૌ, સુભાગી તેને ઝડપી લે છે, દુર્ભાગી વિચાર્યા કરે છે - **ચન્દ્રકાન્ત બક્ષી**
- જે વ્યક્તિ કોઇ પણ જાતનું જોખમ લીધા વગર જીવી રહી છે.. એનું જીવન ખરેખર જોખમમાં છે - **ડો. કુમારપાળ દેસાઇ**
- પ્રામાણિક માણસ કદી ગરીબ હોતો નથી, તે માનવ જાતનો સમ્રાટ છે - **ઝેન કથન**
- આપણા ઉશ્કેરાટનો પ્રત્યેક ઘા અંતે તો આપણને જ ઘાયલ કરે છે - **ડોંગરેજી**
- પહેલા સંતો સુવર્ણ જેવા હતાં અને એમનાં ભિક્ષાપાત્ર કાષ્ઠનાં, જયારે આજના સંતો કાષ્ઠના અને એમનાં ભિક્ષાપાત્રો સુવર્ણના થઇ ગયાં છે. - **એસ. ભટ્ટાચાર્ય**
- વૈરાગ્ય આંતર મનનો વિષય છે.. સંસારમાં રહીને સન્યાસ લીધા વિના પણ એમાં ગુંચવાઇ ન જવાય તે વૈરાગ્ય - **મુનિ ચંદ્રવિજયજી**

## બોધ કથા

આજે પૂલો તૂટી જાય છે, મકાન બેસી જાય છે દવાઓ-ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ થાય છે. કમીશન-લાંચ-નફામાં માનવ જિંદગી અને 'માનવતા'નું કોઇ મૂલ્ય રહ્યું નથી. નેતા-વેપારીઓ તો ઠીક પણ આપણી સેનાના રક્ષકો પણ વિમાનો-સાધનો ખરીદવામાં 'ખાતાં' થઇ ગયા છે! મૂલ્યો અને 'રાષ્ટ્રીય ચરિત્ર'નું આ કેવું-કેટલું અધઃપતન! હું આવા દેશનો નાગરિક છું એવું વિચારતાં પણ માથું-નેત્રો શરમથી ઝૂકી જાય છે..

અમેરિકાના એક ધનાઢ્ય વેપારીએ પોતાના ધંધાના વિકાસ માટે એક ઉપગ્રહ બનાવ્યો. એમાં એક નાનો પૂરજો (સ્પેરસ્પાર્ટ) ખૂટતો હતો. અમેરિકામાં એ મળે તેમ ન હતો. જર્મની-ઇંગ્લેન્ડ અને ભારતમાં ટેન્ડર છપાવી ભાવ મગાવ્યા, અને ભાવ આવ્યા. જર્મનીમાં ૩૦૦૦ ડોલર, ઇંગ્લેન્ડના ૬૦૦૦ ડોલર અને ભારતના ૯૦૦૦ ડોલર હતા.

વેપારીએ ત્રણ નિષ્ણાતને ત્રણે દેશમાં આનું રહસ્ય અને રચના જાણવા અલગ અલગ મોકલ્યા.

જર્મનીવાળાએ સાધનનો ખર્ચ-૧૦૦૦+૧૦૦૦ મજૂરી ૫૦૦ અન્ય ટેક્ષ વગેરે ૫૦૦ ડોલર નફો..

ઇંગ્લેન્ડવાળાએ એનાથી બમણું ખર્ચ વગેરે કરી ૬૦૦૦ ડોલરનો ખર્ચ કહ્યો.

ભારતવાળાને પૂછ્યું, તો કહે અમે જર્મનીને ઓર્ડર આપી 'મેઇન ઇન ઇન્ડિયા' લખાવશું. ૩૦૦૦ હજાર ડોલર એને ચૂકવશું. ૨૦૦૦ કંપની નફો, ૨૦૦૦ હજાર તારાને બે હજાર મારા... થયા ને ૯૦૦૦ ડોલર... અમેરિકન નિષ્ણાતની આંખ પહોળી થઇ ગઇ...!

ભારતમાં મીગ ઉડતા નથી, બોફોર્સ ફૂટતી નથી, રસ્તા ભેખડો-પૂલો તૂટી જાય છે એ બધાંનાં કારણો પણ પેલો અમેરિકન નિષ્ણાત પામી ગયો..

Email - sureshchandrabhatt18@gmail.com

# બસના કંડકટરની બધા મુસાફરો પર તીક્ષ્ણ નજર રહે છે, કોણ, કયાં કેવી હરકત કરે છે તે અંગે તેનાથી વધુ કદાચ કોઇ નહીં જાણતું હોય

## નવાં કલેવર

- નટવર હેડાઉ

નોકરી કરનાર લોકોની જિંદગી પણ અજબની હોય છે. રોજની એજ રફતાર, એજ બસ, એજ મુસાફરો, એજ ઓફીસ, એજ ડ્રાઇવર અને એ જ કંડકટર.

કોઇ ચેઇન્જ નહીં. નિયત સમયે બસ સ્ટેન્ડે આવવાનું, બસ પકડો, બેસો અને પહોંચો. જુદી જુદી વયના સ્ત્રી પુરૂષો પોતપોતાની પ્રકૃતિ અનુસાર પોતાના જોડીદાર મિત્ર નક્કી કરે છે. બસનો આ પ્રવાસ માંડ કલાક દોઢ કલાકનો હોય છતાં સાથે આવનારની પસંદગી ખુબ મહત્ત્વપૂર્ણ બની રહેતી હોય છે.

ડ્રાઇવરથી લઇને કંડકટર સુધી દરેક જણ પોતપોતાની સુવિધાનો ખ્યાલ રાખતા હોય છે.

સૌથી પહેલાં આપણે વાત કરીએ આ બસના ડ્રાઇવરની, તે પોતાની પાછળની બે સીટો પર રૂમાલ કે પર્સ મુકી દે છે. કોઇ પુરૂષ મુસાફરને ત્યાં બેસવા દેતો નથી. કોઇ પુછે તો પણ 'આવે છે.' એમ કહી ચુપ કરી દે છે.

આ બંને સીટો સ્ત્રીઓ માટે નિયત છે. ડ્રાઇવર તેના અરીસામાં આ બંને સીટોની સ્ત્રીઓને આસાનીથી જોઇ શકે છે. તેને સૌથી વધુ મજા નવયુવાન યુવતીઓમાં આવે છે. એ તેની દરેક હરકતને પોતાની નજરે જોતો હોય છે.

કેટલીક સ્ત્રીઓ બિલકુલ બેફિકર હોય છે. અહીં બેસીને પોતાનો પાલવ કયારે સરકવા દેવો, કેટલો સરકવા દેવો, કે પછી કઇ રીતે સરકાવવો તેની તે પ્રેક્ટીસ કરતી હોય છે. ડ્રાઇવર આસાનીથી પાલવની નીચે પહેરેલ લોકેટને જોતો રહે છે. તેનું ધ્યાન કેન્દ્રીત રહે છે. આમ તેમ ભટકતું નથી. તેથી આંતરીક એક્સીડેન્ટનો ભય ઓછો રહે છે.

સ્ત્રીઓ એ વાત જાણતી હોય છે, તેમને રોજ આસાનીથી ખાલી સીટ મળી જાય છે. પછી જરાક પાલવ સરકાવવામાં ફરક શું પડે.

આ બસમાં મુસાફરી કરવાવાળામાં ૫૫-૫૬ના મિસ્ટર રાવલ છે. સાંભળવા મળ્યું છે કે તે સચિવાલયમાં સારી પોસ્ટ પર છે. બહુ હસમુખા અને રસીક સ્વભાવના છે. તેમની ઉંમરનો ચહેરો અને મન પર હજુ બહુ પ્રભાવ જોવા મળતો નથી. પણ વાળ ચાડી ખાવા લાગ્યા છે તેથી હેરડાઇ લગાવીને તેને કાળા રાખે છે.

ચહેરો બિલકુલ ક્લીન શેવ, રોજ દાઢી બનાવે છે. તેમના હાથમાં એક બેગ હોય છે. જેમાં જરૂરી કાગળો ઉપરાંત અન્ય શક્તિવર્ધક સાહિત્ય રાખે છે. જે જરૂરિયાત મુજબ લોકોને વિપરીત કરે છે.

મોટા ભાગે તે ઘેરથી નીકળે છે. પોતાની બાજુવાળી સીટ પર બેગ મુકી દે છે. કોઇ પુરૂષ જો ત્યાં બેસવાનું કહે તો 'કોઇ આવે છે' એમ કહીને ટાળે છે.

સ્ત્રીઓ પ્રત્યે તે બેહદ સંવેદનશીલ છે તેમાં પણ યુવતીઓ ખાસ. એકની જગ્યાએ જો બબ્બે યુવતીઓ તેમની સીટ પર બેસવા માંગે તો આમ તેમ કરી આસાનીથી જગ્યા કરી દે છે.

બેટા, બેટા... કહીને કોઇને કોઇ બહાને તેમના પર પ્રેમ વરસાવવાનું ભુલતા નથી. બિલકુલ નજીક બેસી સ્પર્શસુખ પ્રાપ્ત કરવાનો મોકો ચુકતા નથી. પ્રેમભરી વાતો કરતાં કરતાં પોતાની જવાંમર્દીના કિસ્સાઓ પણ સંભળાવે છે અને જો કોઇ તેમાં રૂચિ લેવા માગે તો પોતાની બેગમાં રાખેલું સાહિત્ય તેને આપે છે.

આ બસમાં રોજ કૌશિક પ્રસાદ આવે છે. તે હજી યુવાન છે. તે ઘણું કરી શકે તેમ છે. કેમ કે અતિતના કોલેજના અનુભવો ધરાવે છે. પરણેલો છે કે અપરણિત એ ખબર નથી. પુરૂષોને માંગમાં સિંદૂર કે એવી કોઇ સાંકેતિક નિશાનીનો રીવાજ ન હોવાથી કાયમ એક ભ્રમ રહે છે.

કૌશિક બસમાં આવતી એક યુવતીને જોયા કરે છે. તે યુવતી કુંવારી છે. થોડા દિવસ પહેલાં જ તેને નોકરી મળી છે. સુંદર અને સુશીલ છે. તે લગ્ન કરવા માંગે છે. પણ કૌશિક શું કરવા માંગે છે તે ખબર નહીં; તે યુવતીની આજુબાજુની સીટમાં બેસવાની કોશિષ કરે છે. થોડી થોડી વારે તેને જોઇ લે છે. પેન્ટના પાછળના ખિસ્સામાંથી કાંસકો કાઢી વાળ ઓળે છે. ગોગલ્સ ઠીકઠાક કરે છે અને આજુબાજુ બેઠેલા પ્રવાસીઓને પોતાના કોલેજ સમયના કિસ્સાઓ ખુબ રસપૂર્વક સંભળાવે છે. જો કે સંભળાવે તો છે પેલી છોકરીઓને જ પણ તેનું માધ્યમ પેલા પાસે બેસેલા પ્રવાસી સાથીઓ હોય છે. છોકરીનું ધ્યાન પણ તેની વાતોમાં હોય છે પણ છતાં જાણે કે તે કંઇ સાંભળતી નથી એવું દર્શાવે છે.

તે છોકરા તરફ ત્રાંસી નજરે જોઇ લે છે તેને એમ લાગે છે કે હું તેને જોઉં છું તેની બાજા કોઇને ખબર પડતી નથી. પણ બાજુમાં બેઠેલ મુસાફરો અને કંડકટરનું ધ્યાન તેની તરફ જ હોય છે. તે બધા પણ જોતા હોવા છતાં અજાણ હોય તેમ વર્તે છે.

કયારેક કયારેક બંનેની નજર એકબીજાને જોવાની લાલચમાં ટકરાઇ જાય છે. ત્યારે બંનેની પાંપણો ઢળી પડે છે. બંને જરા સંકોચ અનુભવે છે. તે છોકરીને ચોપડી વાંચવા આપે છે. છોકરીને તેની ચોપડીમાં રસ ન હોય છતાં લઇ લે છે. આ ક્રમ ચાલતો રહે છે.

અમુક આનાથી અલગ પ્રકારના પ્રવાસીઓ પણ છે. જે ફક્ત સ્ત્રી પ્રેમી છે. કોઇ પણ સ્ત્રી તેની વાત સાંભળે, હસે અને કોંમેટ કરે એવા પ્રયાસમાં એ રહે છે.

સ્ત્રીઓની આજુબાજુની સીટમાં બેસીને પોતાના સાથીદારોને પોતાની પત્નીના કિસ્સા સંભળાવે છે. જેમાં તેમની મુર્ખતા અને પત્નીની ચતુરાઇ જણાઇ આવતી હોય. વાત વાતમાં એ જોર જોરથી હસી પડે છે.

સ્ત્રીઓ તેની વાતમાં કેટલો રસ લે છે તેના આધારે તેની વાતો અને ટૂચકાઓ વધુ ચોટદાર બનતા જાય છે. જો કોઇ સ્ત્રી તેમાં કોમેન્ટ પાસ કરે તો તેમના અનુભવોને જાણે કે પાંખો આવી જાય છે. તેમને તો બસ એમાં જ મજા આવે છે. તેમના આ અનુભવો થોડા દિવસ બાદ ફરી રીપીટ થતા હોય છે.

આમ તો ડ્રાઇવર કંડકટર ને છત્રીસમી કોમ માનવામાં આવે છે. એવું શા માટે મનાય છે તેની મને ખબર નથી. પણ એવું ઘણી વખત સાંભળ્યું છે.

બસના કંડકટરની બધા મુસાફરો પર તીક્ષ્ણ નજર રહે છે. કોણ, કયાં કેવી હરકત કરે છે તે અંગે તેનાથી વધુ કદાચ કોઇ નહીં જાણતું હોય.

તેનો જોવાનો, અડકીને ઉભા રહેવાનો, સ્ત્રીઓ પાસે પૈસા માંગવાનો અને બીજી મુસાફરોને હાથ પકડીને બેસાડવા કે જગ્યા કરી આપવા જણાવવાનો એક અલગ અંદાજ હોય છે. તે બધાનો દરેક માટે અલગ અલગ અર્થ હોય છે. કોઇ તેનો વિરોધ કરવાનું સાહસ કરતું નથી.

'બહેન, આ ડ્રેસ તમને બહુ સારો લાગે છે. ભાઇ લાવેલા કે શું?'

બહેન સાંભળીને હસી પડે છે. તેને હાં કે ના કહેવાનું શક્ય નથી.

તે બહેનને વળી કયા ભાઇની બાબતે કહેતો હોય છે. તેને પોતાને પણ ખબર નથી. જીજાજી, બાબતે પૂછ્યું હોત તો કદાચ તે કંઇ કહેત.

બસની ઝડપ વધતાં ઝોંકે ચડી ગયેલા મિસ્ટર રાવલનું માથું જરા તેના ખભાં પર ઢળે છે.

નયન ને બંધ રાખીને મેં જયારે તમને જોયાં છે
તમે છો તેના કરતાં પણ વધારે તમને જોયાં છે.

એ રીતે જ જયારે કૌશિક કે તેની પેલી નથી આવતી ત્યારે કંડકટરની વિચિત્ર પ્રકારની શેરો શાયરી શરૂ થઇ જાય છે. જીજાજીને સાળી વિના સસુરાલ ખાલી લાગે તેમ તેના વિના તેને બસ ખાલી લાગે છે. એ રીતે બસની સફર અજાણ્યા, અનિચ્છીત સંબંધોના તાંતણે બંધાઇ આગળ વધે છે. તેમાં સાથે બેઠેલાં મુસાફરો અજાણતાં તેના સાક્ષી બને છે. તે બધાં કોઇને કોઇ કેટેકટરમાં પોતાને ફીટ કરી લે છે.

# ભેંસ, મેસ ને મૉલ...!! મજબુત મનસુબાથી મંઝીલનાં માર્ગે...!!

**આપણે કેવાં કે રોજ રોજ હૈયું બાળીએ ને પછી છેલ્લે તો આખી જાત જ ફૂંકી મારીએ**
**જિંદગી કેવી છે, એની કોઇને ચિંતા નથી, જિંદગી કેવી હશે? એ આંખ મીંચી ધારીએ**

ગાંધીનગરનાં સે-૨૬માં નવોસવો ડી-માર્ટ મોલ ખુલ્યો અને ગોળને કીડીઓ ચોંટે એમ જ એ મોલમાં ખરીદનારાં ચોંટી પડ્યાં હતા. અવનવી સ્કિમનો લાભ લેવા અને મોંઘવારીમાં પોતાનાં આર્થિક બજેટને સાચવવાં પરિવારથી લઇ હોસ્ટેલના વિદ્યાર્થીઓ ત્યાં ટ્રોલી લઇને ફરતાં હતાં. કરિયાણાનાં પેકેટ પરની પ્રિન્ટ ફેરવી ફેરવીને જોતાં એક યુવાનને જોઇ મોલમાં ખરીદી કરવાં આવેલા બીજા યુવાન રાઘવ જોષીએ પેલાને પુછ્યું, 'તારા ચહેરાં પર ખરીદીનાં આનંદ કરતાં ચિંતાની કરચલીઓ કેમ દેખાય છે? શું કરે છે?' પેલાએ મંદ સ્મિત સાથે કહ્યું, 'સી.એ કરૂં છું...'




રાઘવને યુવાનમાં રસ પડ્યો. વાતચીતનો દોર આગળ વધારતાં જાણ્યું તો ખબર પડી કે એનું નામ મયુર પરમાર. ઉંમર ૨૩ વર્ષ અને બી.કોમના ફાઇનલ ઇયરમાં ભણે છે અને સાથે સી.એ. પણ કરે છે. એને પુછ્યું, 'પપ્પા શું કરે છે?', 'ખેતી' એણે ટૂંકમાં જવાબ આપ્યો...

પણ વધુ ખણખોતર કરતાં ખબર પડી કે, પપ્પા પોતાની નહીં બીજાની ખેતીમાં મજૂરી કરે છે. પાંચ એકરની ખેતીમાં મકાઇ થાય છે, એની સંપૂર્ણ દેખરેખ આના પપ્પા કરે છે, પાક થયાં બાદ બધી મકાઇ માલિક લઇ જાય છે અને મયુરના પપ્પાને મળે છે માત્ર તેનો વધેલો ચારો, અને ચારો વેચીને એમનું ચરિતાર્થ ચાલે છે...




મયુરે એનાં પ્રમાણપત્રો પીઠ પાછળ લટકાવેલી બેગમાંથી કાઢીને રાઘવને બતાવ્યાં, એને લાગ્યું કે એને સાંભળનાર-સમજનાર કોક મળ્યું છે. મયુરને ૧૨માં ધોરણમાં ૮૪ ટકા હતા. એણે કીધું રોજ કામે જતો હતો એટલે ભણવા માટે પુરતો સમય જ ના મળ્યો. ખો-ખો નેશનલનાં ચાર પ્રમાણપત્રો અને એક કાસ્યચંદ્રકનું પ્રમાણપત્ર એમાં લાગેલું હતું. છઠ્ઠા થી બારમા સુધી એનું શિક્ષણ મફત થયેલું. દસમાં સુધી ઇડર ભણેલો, ૧૧-૧૨માં હિંમતનગર 'અવર-ઑન' હાઇસ્કૂલમાં કોકની મદદથી ભણીને બહાર પડ્યો...

સાયન્સમાં ભણવાની બૌદ્ધિક ક્ષમતા હતી પણ આર્થિક અડચણોમાં કોમર્સને પકડવું પડ્યું. બી.કોમ. કરવાં ગાંધીનગર આવી ગયો. ભણતાં-ભણતાં બે પૈસા કમાવાશે અને પિતાને મદદરૂપ થવાશે એવી ભાવના. મયુર અનામત કેટેગરીમાં આવતો હતો. રાઘવે પુછયું, ''અનામતને કારણે બધી સરકારી સહાય તો મળી જ હશે ને?'' મયુર નારાજગીથી બોલ્યો, 'જરાય નહીં, ખરેખર મારે આર્થિક મદદની જરૂર હતી જ.'

''તો પછી કેમ ના મળી તને મદદ?''

મયુર નિસાસો નાખતા બોલ્યો એની લાંબી કહાની છે.

મયુર મૂળમાં રાજસ્થાનનો. ગુજરાત બોર્ડર પરનાં સિરોહી ગામનો. નાનપણમાં મજૂરીની લ્હાયમાં પરિવાર ઇડર આવી ગયો. મયુર બોલતો હતો રાજસ્થાન કાસ્ટનું સર્ટી લેવા ગયો, પણ એમણે અહીંના રહેઠાણનો પુરાવો માગ્યો. રાજસ્થાન અમારૂં કોઇ હતું જ નહીં, ૨૦ વર્ષથી ઇડરનાં પરામાં પતરાં નીચે વસેલાં. ગુજરાત સરકારમાં કાસ્ટ સર્ટી માગ્યું તો રેશનકાર્ડ અથવાં એકાદો પુરાવો આપો, કયાંથી લાવીએ? રાજસ્થાન-ગુજરાતમાં અટવાયેલાં અમે જાતિનાં પ્રમાણપત્ર વગર કેટલાંય લાભોથી વંચિત થઇ ગયા.

ઇડરમાં મા-બાપે કાળી મજૂરી કરી પાંચ વર્ષ પૂર્વે ત્યાંનાં હરિજન વાસમાં એક ઘર લીધું, પૈસા પુરા ચુકવાઇ ગયાં, ત્યાં રહે છે પણ મકાન અમારાં નામે નથી અને વીજળીનું કનેકશન પણ મળતું નથી. આજેય ઇડરનાં એ મકાનમાં અંધારપટ છે...

મયુરની વાત આગળ ચાલતી રહી એમ ડી-માર્ટમાં ઘોંઘાટ વચ્ચેય એકલતા અને ઉદાસીનતા રાઘવને ઘેરી વળવાં લાગી. અડધા કલાક પહેલાની ઓળખાણ છતાં આની કથની દુઃખદાયક સમાજની ચાડી ખાતી હતી. મયુરે વાત આગળ વધારી ગાંધીનગર આવ્યો કોમર્સ કૉલેજમાં એડમીશન લીધું. પહેલાં વર્ષની ફી ૨૨૦૦ રૂપિયા, કાસ્ટ સર્ટી હોત તો અડધામાં પતી જાત. મને હોસ્ટેલમાં ફીમાં ભણવા મળ્યું હોત. હવે મયુર સે-૧૬માં એક રૂમ ભાડે રાખીને રહે છે, ભાડું મહીને ચાર હજાર રૂપિયા, આટલું ભાડું તો કયાંથી પોસાય? એટલે ચાર વિદ્યાર્થીઓ સાથે રહીએ છીએ. એટલે હજારમાં પતી જાય, મેસનો ખર્ચો મહિને ૨૪૦૦ રૂપિયા, એ સિવાય નોટ, પુસ્તકો, પ્રોજેક્ટ, ઇતર ખર્ચ, એટલે ખર્ચો કાઢવો શક્ય જ નહોતો...


ગાંધીનગરમાં જલ્દી નોકરી કયાં મળે? તમારાં જેવા એક ભલા માણસે મને અમદાવાદ સાબરમતી ડી-માર્ટમાં કેશિયર તરીકે લગાડી દીધો. સવારે સાડા સાતથી અગિયાર કૉલેજ અને ૧૨ થી ૧૦ કેશિયરની નોકરી. આવવા-જવાનો સમય અલગ. દર મહિને ૬ હજાર રૂપિયા મળતાં પણ સમય મળતો નહોતો. આખો દિવસ ઊભા રહેવાનું, છેલ્લો કસ્ટમર મોલમાંથી નીકળે ત્યાં સુધી નીકળાતું નહીં. એ પછી રૂમ પર આવીને ઠરી ગયેલું મેસમાંથી આવેલું ટીફીન ખાવાનું, જમીન પર શરીર લંબાવીએ એટલે મડદાં જેવી ઊંઘ આવી જાય...

પરીક્ષા આવી અને મયુરને નોકરી છોડવી પડી. સેકન્ડ ઇયરમાં ૬૪ ટકાં આવ્યા. છેલ્લાં વર્ષે મહેનત કરવામાં કચાશના રહે એટલે ગાંધીનગરમાં એક સી.એ.નાં ત્યાં જાય છે, કારણ મયુરને સી.એ. જ થવું છે. ત્યાં એને મહિને ૨૫૦૦ રૂપિયા મળે છે. 'આટલા રૂપિયામાં તારૂં કેમનું પુરૂ થાય છે.' રાઘવે ચિંતા જતાવી.

'નથી જ થતુ' મયુર બોલ્યો અને એટલે હવે મેસ બંધ કરી દીધી છે. રૂમ પર જઇને જાતે રસોઇ બનાવું છું ચારેય જણની, કરિયાણા-શાકભાજી બીજા રૂમમેટ લાવે અને હું બંને ટાઇમ રસોઇ - વાસણ કરૂં એટલે મારે મફત જમવાનું, સીધાં જ ૨૪૦૦ બચી ગયાં. ૬ હજાર પગાર હતો ત્યારે બધું પતાવીને બે હજાર ઘરે મોકલોત, હવે પપ્પાને મારા માટે પૈસા મોકલવાં પડે છે...

(અનુસંધાન પાના નં. ૬ પર)

# પ્રત્યેક પળ અને જિંદગી સુંદર હોવી જોઇએ




એરિક ફ્રોમ કહે છે કે "જીવનમાં કોઈ કાર્ય અઘરું નથી હોતું, એમ જ કોઈ કાર્ય સહેલું પણ નથી હોતું. તમારો દૃષ્ટિકોણ કેવો છે, એના ઉપર બધો આધાર રહેલો હોય છે." સાચી વાત છે. કોઈ કાર્ય અઘરું યા મુશ્કેલ છે, એવું ધારી લઈને એને શરુ જ ન કરીએ કે પછી હાથ ઉપર જ ન લઈએ તો કાર્ય વિશે ખ્યાલ જ નહીં આવે. એ જ "માણે કોઈ કાર્ય સહેલુ માનીને એના પ્રત્યે પૂરો સમય કે પૂરી ગંભીરતા, એકાગ્રતા ન આપીએ તો એ પણ ઠીક નથી.

જીવનને ચાહવાનો દૃષ્ટિકોણ એટલે પોઝિટિવનેસ - હકારાત્મકતા. કેમ કે નકારાત્મકતા તો ઠેર ઠેર વેરાયેલી હોય જ. નકારાત્મકતાનો કચરો સાફ થાય અને બગીચાની સુંદરતા જેવી હકારાત્મકતા ચોમેર ફેલાઈ જાય એ જ જીવનનું સાર્થક્ય. આપણા "ત્યેક કાર્યમાંથી સકારાત્મકતાની સુવાસ આવતી રહે એના જેવી બીજી કોઈ સારી બાબત નથી.

હમણા એક સાહિત્યકાર મિત્રએ મને કહ્યું કે "તમે બહુ સારું સારું લખો છો." મને એ વાતથી આશ્ચર્ય ન થયું. કારણ કે એમને મીઠાશનું વરદાન જ નથી મળ્યું, બલકે ખારાશ, ખટાશ, ઝેર, નકારાત્મકતાનો અભિશાપ જ મળ્યો છે. એ વ્યક્તિ કદાપિ કોઈ વિશે સારા બે શબ્દ ન બોલી શકે. જીવનમાં ક્યારેય કદાચ કોઈ વિશે સારું નહીં બોલ્યા હોય. સંત સુરદાસ હોય કે રહીમ હોય, એમનો સૂર પણ એ રહ્યો છે કે "બોલો, મીઠે બોલ - તોલ મોલ કે બોલ."

મીઠું અથવા સારું બોલવામાં ક્યાં કોઈ કરવેરો ભરવો પડે છે? કટુવચનો લખો તો કોને રસ પડશે? જીવનનું પણ એવું જ છે. તમે તમારી આસપાસની પરિસ્થિતિ, માહોલ યાદ કરી જુઓ. તમને એવી વ્યક્તિઓ સાથે જ વાત કરવાનું અને મળવાનું ગમશે કે જે તમારી સાથે સારી રીતે, સુંદર વાતો કરે. તમે એવી વ્યક્તિની હંમેશા અવગણના કરશો કે જે વ્યક્તિ આત્મકેન્દ્રી હોય, જેને પોતાનામાં જ રસ હોય, જેને બીજાની કોઈ ફિકર ન હોય. જે વ્યક્તિ હંમેશા કોઈને કોઈ બાબતે કટુવચનો જ બોલતા અને વિચારતા હોય એને મળવાનો તમને ઉમળકો નહીં થાય. એનું કારણ શું? એમાં તમારો કોઈ વાંક નથી.

આપણે શા માટે એવી વ્યક્તિને મળવાનું પસંદ કરીએ કે જેના મોંઢામાં જ મીઠાશને બદલે કટુવચનો હોય? જેની આંખોમાં ઝેર હોય એ વ્યકિતને પોતાની આંખોમાં રહેલું ઝેર કદાચ દેખાતું નથી, પરંતુ એની સામે હાજર વ્યક્તિ તો એની આંખોમાં ઝેર છે, એ બહુ સારી રીતે જોઈ શકે છે. ખરેખર તો આંખોમાં ઝેર અને જબાનમાં કટુતા ભરી રાખનાર વ્યક્તિને એમ જ હોય છે કે પોતાનો દેખાવ છુપાવી શકાશે. કટુતા, કડવાશ અને ઝેરના કારણે એવી વ્યકિતને મળવાનું કોણ પસંદ કરે?

પ્રત્યેક પળ અને સમગ્ર જિંદગી સુંદર હોવી જોઈએ. જીવનને સુંદર બનાવવાનું કામ આપણા હાથની વાત છે. આપણે સમતળ, સપાટ જમીનને બગીચો પણ બનાવી શકીએ અને ઉકરડો પણ. તમારા જીવનનું લક્ષ્ય તમારા હાથમાં જ હોય છે. જીવનને સુંદર કેવી રીતે બનાવી શકાય? જીવનમાં મધુરતા હોય, જીવનમાં સકારાત્મકતા હોય, જીવન સરળ અને સ્વચ્છ, પારદર્શક હોય, જીવનમાં સદા કંઈક નાવીન્ય ઉમેરાતું રહે.

આપણે જીવનને ખુશીઓ, ઉત્સાહ, ઉમંગથી કેવી રીતે હર્યુંભર્યું - સભર બનાવી શકીએ? જીવનમાં આપણને બહુ થોડા, ઓછા પણ સારા - ઉમદા મિત્રોની જરુર હોય છે. મિત્રો આપણને સારી સલાહ આપી શકે, આપણા ગ્રુમિંગમાં રસ લે. મિત્રો કોઈ કન્સલ્ટન્સી ફી ચુકવીને ખરીદી શકાતા નથી. કદાચ મિત્ર એ ઈશ્વરનું વરદાન છે. ટ્રેનની મુસાફરીની જેમ મિત્રો બદલાતા રહે, અને કોઈ કોઈ મિત્ર આખરી સ્ટેશન સુધી સાથ આપે એવું પણ બને.

જીવનને સુંદર બનાવવા માટે બધાની ખુશીનું ધ્યાન રાખવું જોઈએ. માત્ર આપણને ખુશી મળે એવું સ્વકેન્દ્રી વ્યક્તિત્વ સ્વાર્થની નજીક કહેવાય. બધાની ખુશી માટે આપણે વિચારવું જોઈએ. કોઈના જીવનમાં ખુશી આવે એવું કાર્ય આપણે કરીએ તો આપોઆપ આપણને પણ આપણા જીવનમાં ખુશીનો અહેસાસ અવશ્ય થશે.

આપણે જે કોઈ કાર્ય કરીએ, એમાં આનંદનો અનુભવ કરીએ. આનંદની અનુભૂતિ આપણું કાર્ય અને આપણો માર્ગ સરળ બનાવી દે છે. આનંદ - હેપીનેસ જીવનના આનંદનો પણ મૂળ મંત્ર છે. તમારા સમગ્ર વ્યક્તિત્વમાંથી આનંદ છલકવો જોઈએ. તમારું વ્યક્તિત્વ આનંદના બંધારણથી બંધાય છે. તમારા પ્રત્યેક વ્યવહારમાં આનંદની ગેરહાજરી હશે તો એમાંથી પણ નકારાત્મક છાપ ઉભી થતી રહે છે. જુસ્સો, કાર્યકુશળતા અને વ્યવહાર વચ્ચે તાલમેલ બની રહે અને આનંદ પ્રગટ થતો રહે, એ જ જીવનને સુંદરતા બક્ષે છે.

જીવનની સુંદરતા માટે સમયની જરુર પડે છે. શક્ય હોય તો આપણી નજીકની વ્યક્તિને સમય પણ આપવાની જરુર હોય છે અને એવી વ્યક્તિને સ્પેસ આપવાની પણ જરુર રહે છે. જ્યારે આપણે એવું કહેતા રહીએ કે સમય જ નથી? ત્યારે આપણે ભીતરને પૂછવાની જરુર હોય છે કે આ વાત કેટલા અંશે સાચી છે? દરેક વ્યક્તિ તણાવમાં જીવે છે, યા દરેક વ્યક્તિ પાસે સમય ન જ હોય. પરંતુ આપણે પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં પણ માર્ગ કાઢવાનો છે, સમય કાઢવાનો છે. સમય આપવો આપણા માટે પ્રાયોરિટી બને તો જીવન પણ આપોઆપ સુંદર બને.

(અનુસંધાન પાના નં. ૬ પર)